વિષય:-મોટી-મધ્યમ-નાની સિંચાઇ યોજના અને ક્ષાર પ્રવેશ અંકુશની કામગીરીના કામો માટે પૂર્વ-લાયકી માપદંડમાં સુધારા વધારા કરવા બાબત.

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
પરિપત્ર ક્રમાંક:પરચ-૧૦૯૭-૧૩૯૭(૧૧)(ક.૨)-ક.૧.
તા.૨૮-૧૦-૨૦૦૨.

વંચાણે લીધા:- (૧) સરકારશ્રીના નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના તા.૧-૫-૯૭ ના પરિપત્ર ક્રમાંક:પરચ-૧૦૯૭-૧૩૯૭-(૧૧)(ક.૨)-ક.૧

(૨) સરકારશ્રીના નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના તા. ૧૪-૮-૯૭ના પરિપત્ર ક્રમાંક:પરચ-૧૦૯૭-૧૩૯૭-(૧૧)(ક.૨)-ક.૧

(૩) સરકારશ્રીના નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના તા.૩-૭-૨૦૦૨ ના પરિપત્ર ક્રમાંક:પરચ-૧૦૯૭-૧૩૯૭-(૧૧)(ક.૨)-ક.૧

(૪) સરકારશ્રીના નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના તા.૧૭-૮-૨૦૦૨ ના પરિપત્ર ક્રમાંક:પરચ-૧૦૯૭-૧૩૯૭-(૧૧)(ક.૨)-ક.૧

પ રિ પ ત્ર :-

ઉપરોકત સંદર્ભ (૧) થી (૪) ના પરિપત્ર અન્વયે પૂર્વલાયકી માપદંડમાં નીચે પ્રમાણે છુટછાટ આપવામાં આવે છે.

(૧) છેલ્લા પાંચ વર્ષના બદલે છેલ્લા સાત વર્ષના અનુભવ, ટર્નઓવર, વગેરે ગણત્રીમાં લેવાના રહે છે.

(૨) ઠેકેદારશ્રીએ કામ પોતે કરવાનું રહેશે. કોઇપણ પ્રકારનો પેટા કોન્ટ્રેકટ કરવાની છુટ નથી.-

(૩) ૨૦ કરોડ કરતાં વધારે રકમના કામ માટે સંયુકત સાહસ (જોઇન્ટ વેન્ચર) કરી શકાશે. પૂર્વ લાયકીના માપદંડ તે પ્રમાણે ગણતરીમાં લેવાના રહેશે.

(૪) ખાસ તાંત્રિક પ્રકારના કામો જેવા કે ડાયાફ્રામ, પમ્પસ, પાઇપ્સ, વગેરે જેવા માટે અન્ય અનુભવી ઠેકેદારશ્રીએ સાથે જોડાણ (એસોસીએશન) કરી શકાશે.

૨/-

(૫) અનુભવ માટે ટેકેદારશ્રીએ જે કંપનીના નામથી ટેન્ડર ભરવાનું હોય તે જ કંપનીના નામે કરેલા કામો ધ્યાને લેવામાં આવશે.

(૬) જે વર્ષ પાત્રતા માટે ધ્યાનમાં લેવામાં આવેલ હોય તે વર્ષમાં થયેલ કામ માટે ૧ ઘનમીટર કોન્ક્રીટ/ચણતર સામે ૧૫ ઘનમીટર માટીકામ/ખોદાણ રૂપાંરીત કરીને પાત્રતા માટે ગણતરીમાં લઇ શકાશે.

૨. આ ઉપરાંત નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લેવાની થાય છે:-

(૧) સિંચાઇ વિભાગના બધા જ ઇજારદારોને જાહેર નિવિદાની એક નકલ મોકલવાની રહેશે.

(૨) માત્ર ગુજરાતમાં જ પ્રસિધ્ધ થતાં વર્તમાનપત્રમાં જાહેરાત આપવા ઉપરાંત આવા વર્તમાનપત્રોની મુંબઇ અને દિલ્હીના દૈનિકમાં જાહેરાત આવે તેમ કરવાનું રહેશે.

(૩) ટેન્ડરોમાં પૂરતી પારકદર્શકતા રહે તે માટે અગાઉ મંજૂર થયેલ ટેન્ડરની અંદાજીત રકમ તથા ટેન્ડર સ્વીકારવાની રકમ નવા કોરા ટેન્ડરોમાં આપવાની રહેશે.

(૪) જાહેર નિવિદાના ટેન્ડરોને વિભાગની વેબ સાઇટ ઉપર મુકવા સૂચના આપવામાં આવે છે.

૩. ઉપર મુજબની શરતો ઉપરાંત સંદર્ભ (૧) થી (૪) ના પરિપત્રોની અન્ય શરતો યથાવત રહેશે અને તે પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના નામે અને તેઓશ્રીના હુકમથી,

(સુરેન્દ્રસિંઘ બરાર)
સેકશન અધિકારી,
નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ

નકલ રવાના:-

(૧) માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારુ.
(૨) માન.મંત્રીશ્રી(સિંચાઇ)ના અંગત સચિવશ્રી, તરફ જાણ સારુ
(૩) સચિવશ્રી(જળસંપત્તિ), નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ,.
(૪) સર્વે મુખ્ય ઇજનેર અને અધિક સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૫) સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ, નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ.
(૬) સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ, (પંચાયત સહિત), નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ,. તેમના તાબા હેઠળના સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓને આ પરિપત્રની લેખિત જાણ કરવા સારુ.
(૭) વિભાગની સર્વે શાખાના સેકશન અધિકારીશ્રીઓ, નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ,.
(૮) નાણાકીય સલાહકારશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૯). સીલેકટ ફાઇલ.